ગાંડીવ બાલોદ્યાનમાળા

પુષ્પ : ત્રીસમું

ગાંડીવ બાલોદ્યાનમાળા (૧)

પુષ્પ : : વીસમું

નવનીત

સંયોજક

નટવરલાલ વીમાવાળા

બીજી માળા : ૨

૨૦

પ્રગટકર્તા—

ગાંડીવ સાહિત્ય મંદિર

હવાડિયા ચકલો

સુરત

મુદ્રક: પ્રકાશક
નટવર વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર વતી—
ગાંડીવ મુદ્રણાલય,
હવાડિયો ચકલો, સુરત.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૨૨૨૯૦

આવૃત્તિ ત્રીજી
સં. ૧૯૯૬
સને ૧૯૪૦
કિંમત: ૦-૩-૦

માખણુ કોને ન ભાવે? માખણુ સૌને ભાવે. તેમાં સાકર ભેળી હોય ત્યારે તો એનો સ્વાદ ખરેખરો મજાનો લાગે, ને તે કૌવત આપે, બુદ્ધિને તેજસ્વી બનાવે અને મનને પ્રફુલ્લ કરે તે તો જુદું જ. માખણુ એવી સરસ વસ્તુ છે. ઘી કરતાં પચવામાં પણુ તે હલકું હોય, દેખાવમાં પણુ રૂપાળું લાગે. માખણુ કોઈ અજબ જેવી વસ્તુ છે. ગુજરાતનાં બધાં બાળકો માખણુ ખાતાં થાય તો કેવી મઝા પડે?

આ ચોપડીનું નામ નવનીત રાખ્યું છે: નવનીત એટલે માખણુ. એમાં પણુ મનને પ્રફુલ્લ કરે અને કૌવત દે એવી સામગ્રી આપવા પ્રયાસ કર્યો છે. એમાં બધી ખરી વાતો જ આપી છે. ગુજરાતનાં બાળકોને તે રૂચશે એવી આશા છે.

ન. વી.

સાંકળિયું

અજબ સોગઠાંબાજી :	૩
રાજાજીની છબી :	૬
ઘરેણાંનો શોખ ! :	૮
બીક તે કેવી હોય ? :	૧૨
ઠીંગુસ રાજાજી :	૧૪
પંડિતજીની શાંતિ ! :	૧૬
માજી અને મહારાજા :	૧૮
ઠોઠ નિશાળિયો :	૨૦
ભલો દીકરો :	૨૩
ડાહ્યો દીકરો :	૨૬
હીરામોતીની કિંમત :	૨૮
સોનાની ભેટ :	૩૧
અકબંધ થેલી :	૩૨
એ કેવો માળી ! :	૩૪

નવનીત

ગાંડીવ સાહિત્ય મંદિર

દાંડીઓ : સાપ્તાહિક

કવિ નર્મદના એ જુગજૂના યશવંત પત્રને સુરતના મુખપત્ર તરીકે સજીવન કર્યું છે. નાગરિક પત્ર તરીકે તેણે તરત લોકપ્રીતિ મેળવી છે. વાર્ષિક લવાજમ રૂા. ૩ાા.

ગાંડીવ બાળપખવાડિક

૯ થી ૧૪ વરસના બાળકોને નિશાળના ભણતરમાં રસ જગાડે અને મદદ કરે એ રીતે સચિત્ર સરસ લેખો આપતું એકલું પખવાડિક. વા૦ લ૦ રૂપિયા પાંચ. પરદેશ શિલિંગ બાર.

ગાંડીવ છાપખાનું

ગયા વીસ વરસની કારકીર્દિમાં આ છાપખાનાએ શુદ્ધ અને સ્વચ્છ છાપકામ કરવા માટે સારી ખ્યાતિ મેળવી છે.

હવાડિયો ચકલો, સુરત

સુરત આવો, ત્યારે જરૂર મુલાકાત લેશોજી.

૧

અજબ સોગઠાંબાજી

દર એકાદશીએ માધવને ત્યાં જાગરણ થાય. અડોશીપડોશી ભેગાં મળે ને ભજન કરે. છોકરાંઓ પણ જાગે ખરાં. તેઓ સોગઠાં રમે ને મઝા કરે.

મોટી અગીઆરસે એવું થયું કે અડોશીપડોશી જાત્રા ગયેલાં. જાગરણ તો ખરું જ; પણ માધવની સાથે રમનારું કોઇ મળે નહિ. નાનાં સરખાં દુર્ગાબ્હેન નવ વાગતાંનાં પોઢી ગયેલાં. એટલે માધવ કોની સાથે રમે?

પણ રાતની ફરાળ થઇ ગઇ ને બા સુદ્ધાં

જમી રહી એટલે માધવ બાને કહે: બા, મને સોગઠાંબાજી આપ. મારે રમવું છે.

બા હસીને કહે: ગાંડા રે, તું રમવાનો કોની સાથે? દુર્ગા તો સૂઇ ગઇ.

માધવ કહે: તું તારે મને આપને. પછી જોજે હું કોની સાથે રમું છું તે.

બાએ તો સોગઠાં આપ્યાં ને પાસાયે આપ્યા. માધવભાઇ તો ઓસરીમાં ગયા. એક થાંભલા પાસે બેસી બાજી પાથરી. એક રમનાર પોતે ને બીજો રમનાર થાંભલો!

માધવભાઇ તો એક હાથે પાસા નાંખે ને પોતાની સોગઠી ખસેડે. બીજે હાથે પાસા નાંખી દાણા આવે તેમ થાંભલાની સોગઠી ખસેડે.

એમ બે ત્રણ બાજી રમ્યા. બધીમાં માધવભાઇ હારી ગયા!

માધવનાં દાદીમા જોતાં હતાં. તે બોલ્યાં: હાશ! હાશ! જુઓ રે ભાઇઓ! એક માણસ કેવું કે લાકડાના થાંભલાથી યે હાર્યું! એક વાર,



બે વાર, ત્રણ વાર !

બીજો છોકરો હોય તો ખિજાઇ જાય. માધવ-ભાઇ તેવા નહોતા. તે તો બોલ્યા: ઓહોહોહો!

તેમાં શું થઇ ગયું? સોગઠાં હારે ને સોગઠાં જીતે! થાંભલાના દાણા સારા પડે તેથી તે જીતે ને મારા નબળા પડે તેથી હું હારૂં! એમાં વળી મારી આબરૂ શી ગઇ?

પણ માધવભાઇની ખૂબી શી હતી! જમણો હાથ એણે થાંભલાનો રાખેલો, ડાબો હાથ પોતાનો ગણેલો. જમણો હાથ ટેવાયેલો, તે તેણે દાણા સારા પડે. ડાબે હાથે કંઇ બરાબર ન પડે.

તે વેળા માધવભાઇ દશ વરસના હતા. એ માધવભાઇ આગળ જતાં બહુ મોટા માણસ થયા. એમનું આખું નામ માધવ (મહાદેવ) ગોવિંદ રાનાડે.

૨

રાજાજીની છબી!

ઘરડી ડોશી ખેતરમાં કામ કરતી'તી. બીજાં ખેતર સૂનાં પડ્યાં હતાં. ફરતો ફરતો એક જુવાનિયો ત્યાં આવી ચઢયો: કેમ, માજી! આજે કંઇ એકલાં? આ બધાં ખેતર તો ખાલી છે. ને તમેજ કંઇ કામમાં ગૂંથાઇ ગયાં! એમ કેમ વારૂ?

માજી કહે: બધાં ખેતરવાળાઓ શહેરમાં ગયા છે, રાજાને જોવા.

તે માજી તમે ન ગયાં?–જુવાનિયે પૂછયું.

એહેહે! એમાં મારે શું જોવું'તું? રાજામાં તે શું જોવાનું બળ્યું છે? આ મૂરખાઓ જોવા ગયા છે તેમનું એક દિવસનું કામ રખડશે. મારે કામ રખડાવે કેમ પાલવે? હું તો બચરવાળ બાઇ. મારે પાંચ પાંચ જીવને ખવડાવવાનું. તે હું કેમ એમ રખડતી ફરૂં?

જુવાનિયો હસ્યો. ગજવામાં હાથ નાંખી એક સોનાનાણું કાઢયું. ડોશીને આપીને કહે: માજી, આ બીજા ખેતરવાળા આવે તેને કહેજો કે રાજો અહીં આવી તમને મળી ગયો; ને સોના પર કોતરેલી પોતાની છબી પણ યાદગીરી તરીકે આપી ગયો. લ્યો, રામ રામ ત્યારે.

જુવાનિયો રસ્તે પડયો.

એ જુવાનિયો તે ઇંગ્લાંડનો રાજા: જ્યોર્જ ત્રીજો.

૩

ઘરેણાંનો શોખ !

ઇન્દ્રોજી કદમ સતારા જિલ્લાનો સરદાર. જેવું નામ તેવુંજ કામ. ઇન્દ્રોજીને અભિમાન બહુ. એમજ માને કે જાણે મારા જેવો કોઇ નથી! તલવાર ચલાવતાં તો મને જ આવડે. મારી આગળ કોના ભાર ?

ઠાઠ પણ એવો જ રાખે. પોતાના ઘોડાને પગે ચાંદીની નાળ જડાવે. લઢાઇના મેદાનમાં કે બીજે ઠેકાણે ઘોડાની નાળ નીકળી યે જાય. પણ તે પાછી લેવાની નહિ. ઇન્દ્રોજીનો હુકમ એવો. લોકો આ નવાઇની નાળ જુએ ને મારી વાહવાહ ગાય. બસ, એ જ એની ઇચ્છા.

એવામાં શાહુ મહારાજાની તે તરફ પધરામણી થઇ. મહારાજે કદમની વાત સાંભળી. બહુ અભિમાની છે. ઠાઠમાઠનો શોખીન છે. એ તો એમજ સમજે છે કે જાણે મારા જેવો બીજો કોણ?

મહારાજે કદમને કહાવ્યું: મને મળવા

આવજો.

પછી સરદારને શું જોઇએ ? ભાઇ તો એવા ફુલાયા કે ન પૂછો વાત ! બસ, મહારાજને ત્યાં તો એવા ઠાઠથી જવું કે સભા આખી જોઇ જ રહે.

નોબતનગારાં તૈયાર કીધાં. હાથીઘોડા તૈયાર કીધા. રસાલા ને લાવલશ્કર બધું ભેગું કર્યું. મહારાજાને કહાવ્યું: આપ બીજાઓના તો નોબત-નગારા બંધ કરાવો છો. પણ હું તો તેની સાથેજ આવીશ; માટે રજા આપશો. મહારાજે રજા આપી.

એક તો કદમસાહેબ ઠાઠમાઠના શોખીન ને વળી આ તો મહારાજ પાસે જવાનું ! એમણે તો પોતાના બધા સિપાઇઓને સોનારૂપાનાં કડાં પહેરાવ્યાં. પગમાં તોડા આપ્યા. ઘોડાઓને પણ શણગાર્યા. ભાલાતલવારને પણ ફુમતાં લગાવ્યાં. કંઇ ઠાઠ, કંઇ ઠાઠ !

પોતે પણ ખૂબ ઘરેણાં લગાવી દીધાં ને જામા-પાંઘડી લગાવી ધડાકધૂમ ધડાકધૂમ કરતા ચાલ્યા.

મહારાજાને ખબર પડી કે ઇન્દ્રોજી ડોળદમા-
મથી આવે છે. એના ડોળદમામનો બરાબર જવાબ

આપવો જોઇએ. મહારાજને સાદાઇ જ ગમે.

મહારાજે તો બરાબર જુક્તિ કીધી. દરબારમાં સૌને તદ્દન સાદે પોશાકે બોલાવ્યા. પોતે ય સાદાં ધોળાં કપડાં પહેરીને આવ્યા. પણ પોતાનું જરજવાહીર, સોનારૂપાના દાગીના ને મોતીની માળા, હીરાના હાર, કડાં, તોડા, સૌ પોતાના લંગડા કૂતરાને પહેરાવ્યું. કૂતરાને દરબારમાં એક બાજુએ ઊભો રાખ્યો.

કદમસાહેબ તો ધારતા હતા કે મારા ઠાઠથી આખી સભા અંજાઇ જશે. શાહુ મહારાજ પણ ઝંખવાઇ જશે; હું કોણ ? ઇન્દ્રોજી કદમ !

પણ દરબારમાં જતાંજ ઊંધું દેખાયું. આખા દરબારમાં સૌએ સાદા સફેદ પોશાક પહેરેલા. માત્ર લંગડો કૂતરો ઠાઠમાઠથી ઊભેલો.

કદમસાહેબ તો શરમિંદા થઇ ગયા ને નીચું ઘાલ્યું. આખરે શાહુ મહારાજાની માફી માંગી ને ત્યારથી ખોટો ડોળ છોડી દીધો. માણસની શોભા તેના ગુણથી વધે. તેને વળી દાગીનાની જરૂર

શી ? એ વાત સરદારસાહેબ એવી સમજ્યા કે ઠેઠ જીંદગી સુધી યાદ રહી.

૪

બીક તે કેવી હોય ?

પાંચ વરસના બટુકજી દાદીમાને ઘેર ગયા'તા. ત્યાં ખાતા'તા, રમતા'તા ને મઝા કરતા'તા.

એક દહાડો બટુકજી ખોવાઇ ગયા. દાદીમા તો આમ ખોળે ને તેમ ખોળે. શેરીમાં ખોળે ને બજારમાં ખોળે; પણ પ-તો લાગ્યો નહિ.

પછી કોઇ બોલ્યું: જુઓ તો ખરા, ગામ બહાર તો બટુકજી નથી દોડી ગયા ?

દાદીમા લાકડી ઠોકતાં ઠોકતાં ગામને પાદર નદી તરફ વળ્યાં. નદી આવી, તો ખરેજ પેલા ભાઇસાહેબ જ્યાં પુષ્કળ જોરથી પાણી વહેતું હતું ને ઊછળતું હતું ત્યાંજ ઊભેલા. મોજથી ઊભેલા. જરા ફિકર નહિ કે જરા બીક નહિ. મનમાં કોણ જાણે શું વિચારતા હશે ?

ડોશીમા તો આ જોઇને છક્કજ થઇ ગયાં. બાપરે, આ છોકરાને તે કંઇ મનમાં બીક છે? જરા તણાઇ જવાનો ભય છે?

ડોશીમાએ પાછળથી જઇને એને ખેંચ્યો ને ગામ તરફ લઇ ચાલ્યાં. રસ્તે કહે: તે અલ્યા, તને જરા બીકે નહિ લાગી?

બીક કેવી હોય જીયા?–બટુકજી બોલ્યા: મેં હજુ જોઇ નથી. મને બતાવશો?

એ બટુકજીએ પાછળથી આખી દુનિયામાં નામ કાઢયું. એનું નામ હોરેશિયો નેલ્સન. વિલાયતમાં એના જેવા સેનાપતિ બહુ નથી થયા.

૫

ઠીંગુસ રાજાજી

રાજાજી બહુજ ઠીંગણા હતા. પણ સ્વભાવે મોજીલા. સૌ તેમને 'ઠીંગુસ રાજા' કહે. દેશમાં એમનું નામજ 'ઠીંગુસ રાજા' પડી ગયું. દરબારીઓ તો ગુપચુપ એ વાતે મશ્કરી પણ કરતા ને હસતા. રાજાજીને એક દહાડો એ વાતની ખબર પડી ગઇ.

પછી એક દહાડો સાઠમારી થઈ. મોટા ચોગા-
નમાં જાનવરોને લઢાવે ને આસપાસ કોટ પર
બેસીને બધા જુએ—એ સાઠમારી કહેવાય. વડોદ-

રામાં ઘણી વાર થાય છે.

રાની બળદ ને સિંહ ચોગાનમાં આવ્યા ને લઢવા લાગ્યા. દરબારીઓ બધા જોતા'તા. રાજાજી પણ બેઠા હતા.

સિંહે બળદ પર છલંગ મારી. રાજાજી બોલી ઊઠયા: બોલો, સરદારો, કોણ આ બેને છૂટા પાડવાનું બીડું ઝડપે છે? છૂટા પાડે કે મારી નાંખે. છે કોઇની હિંમત?

બધા મૂગા બેસી રહ્યા. રાની બળદ ને સિંહ સાથે બાથ ભીડવી એટલે તો જીવનુંજ જોખમ ને?

જવાબ તો કોઇનો આવતો નથી. રાજાજીને ચીઢ ચઢી. તલવાર ખેંચીને એ તો મેદાનમાં કૂદી પડયા. એક ઝાટકો સિંહને માર્યો. વનનો રાજા જમીન પર તૂટી પડયો. બીજે ઝાટકે બળદનું માથું ઉડાવી દીધું. પાછા આવીને પોતાની ખુરશીએ બેઠા.

દરબારીઓને કહે: કેમ, જોયું? માણસ ઠીંગુ હોય તો શું ને ઊંચો હોય તો શું? એની બહા-

દુરીનીજ દુનિયામાં કિંમત છે. ઘાટ ગમે તે હોય.

બધા શરમાઇ ગયા.

એ રાજાજી ફ્રૅાન્સમાં થઇ ગયા; ને એમનું નામ પેપીન. બધા એમને પેપીન ઠીંગુજી કહેતા. પણ આ બન્યા પછી તે બંધ થઇ ગયું.

૬

પંડિતજીની શાંતિ!

એક હતા પંડિતજી. ભારે વિદ્વાન. કંઇ કંઇ વાંચે, વિચારે ને ઘણું નવું શોધી કાઢે.

પંડિતજી પાસે એક કૂતરો હતો. તેનું નામ હીરો. હીરો બહુ લાડકો હતો. પંડિતજીનો પ્યારો હતો.

પંડિતજી કંઇ લખતા હતા. કાગળિયાંનો ઝૂડો ટેબલ પર પડયો હતો. પાસે મીણબત્તી બળતી હતી. હીરાભાઇ કૂદતા'તા ને રમતા'તા.

પંડિતજીને કોઇએ બોલાવ્યા, તે બહાર ગયા. થોડી વારે પાછા આવ્યા. આવીને જુએ છે તો: હાય હાય! મીણબત્તી ઊંધી વળેલી. કાગળિયાં

સળગી ગયેલાં. ઘણાકની રાખોડી થયેલી. થોડા હજુ જરા જરા બળતા હતા !

એ કામ કૂતરાભાઇનું હતું. શાયે કારણસર ભાઇએ ટેબલ પર કૂદકો માર્યો. મીણબત્તી ઉથલી પડી ને કાગળિયાં બળી ગયાં. કેટલું બધું નુકસાન ! પંડિતજીની વરસોની મહેનત ધૂળમાં મળી.

બીજો હોય તો કૂતરાને ફટકાવી કાઢે. મારીને કાઢી મૂકે. પણ આ પંડિતજી તેવા નહોતા. તે તો બોલ્યા: હીરા, હીરા ! તેં આ શું કીધું ? મારી કેટલી મહેનત ધૂળ મળી ! પણ તારો શું વાંક? તું કંઇ એ સમજે છે ?

નુકસાન તો એટલું બધું હતું કે ન પૂછો વાત. તોય પંડિતજી ગુસ્સે ન થયા. ગુસ્સો દાબી દીધો. એ પંડિતજીનું નામ સર આઇઝેક ન્યુટન. તેમણે ઘણી ઘણી શોધો કરેલી. એમના જેવા પંડિત બીજા ઓછા જ હશે.

૭

માજી અને મહારાજા

છુક–છુક–છુક–છુક કરતી આગગાડી ધમધમાટ સ્ટેશનમાં દોડી આવીને ઊભી રહી. ગાડીમાં ભીડ ઘણી. સ્ટેશન પર પણ ભારે ભીડ. ગાડીમાંથી ઊતરનારને ઊતરવું મુશ્કેલ ને ચઢનારને ચઢવું મુશ્કેલ.

તેમાં વળી ઘરડાંનું તો પૂછવું જ શું ? એક ડોશીમા જેમ તેમ ઊતર્યાં, તો ખરાં, પણ તેમનું ભારેખમ પોટલું કેમે કર્યું બહાર ન નીકળે. ડોશી-માએ બહુયે ખેંચાખેંચ કરી; પણ ઘરડા શરીરમાં જોર મળે નહિ ને પોટલું ખસે નહિ.

પણ ઘડિયાળનો કાંટો તો ફરતોજ જતો હતો. ગાડી હવે બે ત્રણ મિનિટમાં ઊપડી જશે. માજીનું પોટલું નહિ ઊતરે તો ? બિચારાં માજીની શી ફજેતી ! ઘણાંક જતાઆવતા ચઢતાઊતરતા મુસા-ફરને તેમણે હાથેપગે લાગીને કહ્યું કે: મને કોઇ મદદ લાગો, મદદ લાગો. પણ સૌ પોતપોતાની

ધમાલમાં. કોણ બીજાનું સાંભળે? તેમાં વળી ઘરડી ડોશીની તરફ તો જુએ પણ કોણ?

માજીને તો ચોધાર આંસુ છૂટયાં: અરેરે, મારૂં પોટલું રહી જશે તો હું કરીશ શું?

પણ દુખિયાંનો બેલી કોઇ તો થાય જ. એજ ગાડીમાં બેસી એક રાજાજી પરગામ જતા હતા. તેમની માજી પર નજર પડી. તેમણે જોયું: વખત બહુ થોડો છે. ગાડી હમણાં ઊપડી જશે. પોટલું નહિ નીકળે તો માજી બિચારાં હેરાન હેરાન થઇ જશે.

પોતે દોડી ગયા. પોટલું ખેંચીને ઘસડી કાઢયું, નીચે ઊતાર્યું ને ઝપઝપ દોડીને ત્યાંથી ભાગી છૂટયા....તે ઠેઠ પોતાના ડબ્બામાં.

ગાડી પણ છુક–છુક કરતી ઊપડી ગઇ. માજી બિચારાં જોઇજ રહ્યાં. મદદગારનો આભાર માનવાની ય તક તેમને ન મળી!

એ રાજાજી કોણ હતા તે જાણવું છે? એ કાસિમબજારના મહારાજા મણીન્દ્રચન્દ્ર નન્દી. ગુસ્કળા કરીને બંગાળા રેલ્વે પર સ્ટેશન છે. ત્યાં આ બનેલું.

૮

ઠોઠ નિશાળિયો !

બધા એને ઠોઠ નિશાળિયો કહે. આ પેલો ઠોઠ ચાલ્યો ! આ પેલો પથરો ચાલ્યો ! કેમ, ઠોઠ, પાઠ વાંચ્યા છે કે ? એમ સૌ મશ્કરી કરે.

બિચારો ઠોઠ નિશાળિયો મનમાં મૂઝાય ને મનમાં ગભરાય ! મને આવડે નહિ તો હું કરૂં શું ?

પણ ઠોઠ નિશાળિયો હતો ડાહ્યો. સ્વભાવે રાંક ને સાચાબોલો. તેથી ગુરૂજીને એ વહાલો લાગે. વાંધો એટલોજ, કે એ બહુ મહેનત કરે પણ એને વ્યાકરણમાં કશી ગમ જ ના પડે ! બીજા ગોઠિયાઓ શીખી ગયા પણ એ ઠોઠ રહી ગયો.

એક દહાડો ગુરૂજી પણ ચિઢાયા: અલ્યા, તું જીંદગીભર આવો ઠોઠજ રહેવાનો ? આવી સહેલી બાબત પણ નહિ શીખવાનો ! અરે રામ, તારી શી વલે થશે ?

ઠોઠ નિશાળિયાને આ વેણ સોંસરાં લાગ્યાં. ઠોઠ નિશાળિયો તે દિવસથી ભાગીજ ગયો.



ભણવાજ ન આવે. ગુરૂજીને પણ તેના વિના ન ગમે. પણ જતો જ રહ્યો, એટલે શું કરે?

પેલા ભાઈ તો પછી ભટક્યા જ કરે. એક દહાડો ભટકતારખડતા તળાવકાંઠે આવી બેઠા. પનિહારીઓ પાણી ભરતી હતી. બીજી બાઈઓ લૂગડાં ધોતી હતી. કોઈક વાસણ માંજતી હતી. થોડી વારે ઘણીખરી બાઈઓ ચાલી ગઈ. એટલે ભાઈસાહેબ છેક પાણી પાસે ગયા. જુએ છે તો તળાવની પાળ પર જ્યાં બાઈઓ ઘડા મૂકતી તે પથરો સાવ ઘસાઇ ગયેલો. તેમાં છેક ખાડા પડેલા. આસપાસ બધે બરાબર, પણ ઘડા જેટલી જગામાં જ ખાડો ! ઓ બાપરે ! આવા પોચા ઘડાથી તે પથરો ઘસાઇ જતો હશે ?

એક બાઈને એણે પૂછ્યું: અરે, પથરામાં આ ખાડો શાનો ?

રોજ અમે ઘડા મૂકીએ તેનો ! આ, પત્થર શું, ગમે તેવા ખડક પણ ઘસાઈ જાય ! રોજ રોજ ઘસારો લાગે તો !

ઠોઠ નિશાળિયો વિચારમાં પડયો: બધા રોજ મને પથરો પથરો કહે છે. પણ આ પથરો તો આમ

ઘસાઇ જાય છે! ઘડા જેવી નરમ વસ્તુથી પણ તેને અસર પહોંચે છે, ત્યારે હું જ કેમ છેક ઠોઠ રહું?

ગુરૂજી પાસે ભાઇ પાછા ગયા. વાત સમજાવી: મારા પથરાપણાને હું ઘસી નાંખું ત્યારે જ ખરો! પછી એણે તો રોજ એવી મહેનત કરવા માંડી કે બધા એ ઠોઠ હતો તે પણ ભૂલી ગયા. જે વિષયમાં એ ઠોઠ હતો તે પર જ એણે ચોપડી લખી.

એ ઠોઠ નિશાળિયાનું નામ બોપદેવ. એને થઇ ગયાને સેંકડો વરસ થઇ ગયાં. પણ હજુયે એનું સંસ્કૃત વ્યાકરણ વખણાય છે!

૯

ભલો દીકરો

રાજાજી ઓફીસમાં એકલા બેઠા બેઠા લખતા હતા. નોકરનું કામ પડયું એટલે ઘંટડી વગાડી.

એક વાર વગાડી, બે વાર વગાડી, પણ કોઇ સાંભળેજ નહિ. રાજાજીએ એક નવો જુવાન નોકર રાખેલો. તે બહાર હતો ખરો, પણ પવનની

લહેરમાં ઊંઘી ગયેલો. તેને ઘંટડી સંભળાય શાની ને તે ઊઠે શાનો ?

રાજાજી ઊઠયા. બારણું ઉઘાડી બહાર જુએ છે તો હજુરી ઊંઘતો હતો. રાજાજી પાસે ગયા, કે લાવ એને જગાડી કામ સોંપું.

પણ ઊઠાડવા જાય છે ત્યાં કંઇ નવાઇ દેખાઇ. હજુરીના ગજવામાં એક કાગળ હતો; અડધો અંદર ને અડધો બહાર લટકે. રાજાજીને થયું: લાવ, આ કાગળ જોઇએ તો ખરા. અંદર શું લખ્યુ હશે ?

ધીમે રહીને કાગળ કાઢયો. હજુરી નિરાંતે ઘોરતો હતો. તેને કશી ખબર ન પડી.

રાજાજીએ કાગળ વાંચ્યો. હજુરીની માએ લખેલો: દીકરા, તેં તારો પગાર મને મોકલી આપ્યો તે બહુ સારૂં થયું. મને અહીં મૂઝવણ હતી. તબીયત સારી ન મળે. દવાદારૂના પૈસા જોઇએ. તેં દુ:ખ વેઠીને પણ મને મોકલ્યા તો મારૂં નભી ગયું. પ્રભુ તારૂં ભલું કરો.

રાજાજીએ કાગળ વાંચ્યો. ધીરેથી પાછો ગજ-

વામાં સરકાવી દીધો. હળવે પગલે પોતાના ઓર-ડામાં પાછા ફર્યા. થોડું સોનાનાણું લીધું ને બહાર લાવી પેલા કાગળવાળા ગજવામાં હળવેથી ભરી દીધું. પછી પાછા ગયા.

ખૂબ જોરથી ઘંટડી વગાડી. હજુરી ઝબકીને જાગ્યો ને દોડતો દોડતો અંદર ગયો.

કેમ અલ્યા, ઊંઘી ગયો'તો ? મેં કેટલી બધી વાર ઘંટડી વગાડી !

હજુરી ગભરાયો. જવાબ શું દે ? અચાનક તેનો હાથ ગજવા પર પડયો. સિક્કા ખખડયા. વધારે ગભરાયો. સિક્કા બહાર કાઢતાં એણે તો એકદમ રડી દીધું: ઓ સાહેબ રે! કોઇએ મને મારવા ધાર્યો છે! આ પૈસા મારા નથી. કોઇએ મારા ગજવામાં ભરી દીધા છે ! ઓ—

રાજાજી કહે: ગભરાઇશ માં. એ તો કંઇ કુદ-રતનો ખેલ હશે. કોઇ કોઇ વાર એવું જાદુ થાય છે. જા, એ નાણું તારી માને મોકલજે; ને લખજે કે રાજાજીએ પ્રણામ કહાવ્યા છે.

હજુરીનાં આંસુ ઊડી ગયાં. તેની આંખો હસી હસી રહી.

એ રાજાજીનું નામ ફ્રેડરીક. તેઓ જર્મની પર રાજ કરતા. હજુ આખી પ્રજા એને સંભારે છે.

૧૦

ડાહ્યો દીકરો

અમીરને ત્રણ દીકરા. અમીરે મરતાં પહેલાં ત્રણેને પાસે બોલાવ્યા ને કહ્યું: બોલો ભાઈઓ, હું તમને એક સવાલ પૂછું, તેનો જવાબ દેશો ?

ત્રણે બોલ્યા: પૂછો બાપુજી.

જુઓ ત્યારે. કહો, ઈશ્વરે તમને માણસને બદલે પંખી બનાવ્યા હોત, તો કયું પંખી થવાનું તમને ગમત ? પહેલાં તો, મોટા, તું જવાબ દે.

મોટે છોકરે જવાબ દીધો: બાપુજી, મને તો બાજ થવાનું ગમે. ઊંચે ઊંચે ઉડવાનું, ને વળી શિકાર કરવાનો. પંખીઓનો રાજા જ બાજ કની ?

વારુ; વચલા, તારો શું વિચાર ?—બાપે પૂછ્યું.

મને તો તીડ બનવાનું ગમે ! એ....ટોળેટોળે

ફરવાનું. સૌની સાથે ગમ્મત કરવાની. તીડ થઇએ એટલે એકલાં તો પડાયજ નહિ !

પછી છેક નાનાને પૂછયું. નાનો કહેઃ બાપુજી, મને તો બતક થવાનું ગમે. લાંબી લાંબી ડોક. ધીરી ધીરી ચાલ. હૈયામાં એક વિચાર આવે તે હોઠે આવતાં આવતાં કેટલી વાર લાગે ! એટલામાં તો વિચાર કેવો પાકો કરાય ! લાંબી ડોક તો બહુ જ સારી.

ઠીક. અમીર જરા વિચારમાં પડયો. પછી કહે: જો રે મોટા, તને શિકાર કરવાનું મન છે. તેથી તને ઉત્તરમાંની જાગીર આપું છું. ત્યાંના લોકો પાકા ને જબરા છે. એટલે તારો શિકાર-બિકાર ત્યાં નહિ ચાલે.

વચલાને હું મારો દક્ષિણમાંનો વજીફો આપું છું. ત્યાં તકરારી સવાલો બહુ છે. એને સલાહસંપથી રહેવાનું ગમે છે એટલે ત્યાંની તકરાર મટી જશે.

ને નાના, તને તો હું કંઇ જ નથી આપતો.

તું ડાહ્યો જણાય છે એટલે તારી મેળે તારો રોટલો કમાઇ લેશે. ને આગળ જતાં નામ કાઢશે; માટે જાઓ.

છેવટે બાપે કહ્યું હતું તેમજ થયું. છેક નાના દીકરાએ દેશમાં નામ કાઢયું ને વિલાયતનો મુખ્ય કાજી થયો. એટલે એનો ઉપરી ફક્ત એક રાજા જ! એ શિવાય સૌમાં એ ઉપરી!

૧૧

હીરામોતીની કિંમત

મોટા મોટા રણમાંથી બે મુસાફર જતા હતા. બંને થાકેલા. બંને ભૂખ્યા. ખાવાનું કંઇ મળે નહિ. પીવાનું પાણી યે રણમાં ક્યાંથી લાવે?

અધુરામાં પૂરૂં બંને ભૂલા પડયા. રસ્તો જડે નહિ. કઇ બાજુ જવું તે સૂઝે નહિ. શું કરવું? ભૂખ ને તરસ તો કહે કે મારૂં કામ?

બંને ચાલ્યા જાય છે. એટલામાં દૂરથી એક વહેળા જેવું જણાયું. મનમાં હરખાયાઃ હાશ, પાણી તો મળ્યું.

પાસે જઇને જુએ છે તો વહેળો સૂકાઇ ગયેલો. પાણી મળે નહિ. કાદવ ખરો, પણ તેને શું કરે ? પણ એટલામાં એકની નજર પડી—એક

મોટી કોથળી પર. વહેળાને કાંઠે એ કોથળી પડેલી હતી.

બંનેના જીવમાં જીવ આવ્યો: હાશ, આ કોથળી મોટી દેખાય છે. ભારે પણ છે. એમાં કંઈ ખાવાનું હશે ને પાણી પણ વખતે હોય. ચાલો, સારું થયું.

કોથળી લઈને ઉપરથી હાથ લગાડી જોયો તો અંદર કંઈ ગોળ ગોળ વસ્તુ લાગી: વાહ ભાઇ! ખજુર કે બોર હશે એમ લાગે છે.

પણ ખોલીને જુએ છે તો અંદર તો હીરા, ને મોતી, નીલમ ને માણેક. ઝળહળ ઝળહળ થાય!

હાય રે! આ મોતીમાણેકની તે શી કિંમત? તેની કિંમત કોડી જેટલીય નથી! એટલાં બોર કે જમરૂખ હોત તો કરોડ રૂપિયા જેટલાં વહાલાં લાગત!

બિચારા મુસાફરો રણમાં ભટકી ભટકીને મરણ પામ્યા!

૧૨

સોનાની ભેટ

રાજાજીએ સિપાઇને કામ સોંપ્યું: તિજોરીએથી બે મણ સોનું લાવવાનું છે. એક ખચ્ચરને લેતો જજે.

સિપાઇ એક નાનકડું ખચ્ચર લઇ તિજોરીએ ગયો. ત્યાંથી સોનું લાદી ખચ્ચરને હાંકવા માંડયું. પણ ખચ્ચર અડધું માંદલું હતું. તેનાથી બરાબર ઊંચકાય નહિ. અડધે આવ્યું ત્યાં તો સિપાઇને લાગ્યું કે હવે તો ખચ્ચરને દુ:ખ દેવું ઠીક નથી. લાવ, હું જ ઊંચકી લઉં.

એણે તો બોજો પોતે લીધો. ખચ્ચરને એમ ને એમ ચાલવા દીધું. પોતાને થાક લાગવા માંડયો; પણ મહેલ હવે પાસે આવતો હતો.

રાજા મહેલના ઝરૂખામાંથી જોતા હતા. ખચ્ચર ખાલી ચાલે છે. બોજો સિપાઇએ ઊંચકયો છે. સિપાઇના થાકનો તો પારજ નથી. જેમતેમ જેમતેમ ચાલે છે.

સિપાઇ મહેલ પાસે મુશીબતે આવ્યો. હવે ઊંચકાય એમ લાગતું નથી. માથું ભમે છે. શરીર ભાંગી જશે એવું લાગે છે. સિપાઇએ તો બોજો મહેલના આંગણામાં જ નાંખવા માંડયો.

રાજાજી બોલી ઊઠયા: નાંખીશ માં, નાંખીશ માં! જરાક વધારે મહેનત લે. ને લઇ જા તારે ઘેર. જા, એ બધું તારૂં જ છે!

એ રાજાજી તે મહાન અલેક્ઝાંડર.

૧૩

અકબંધ થેલી

રૂશિયા મોટો દેશ છે. એનો ઘણો ભાગ વેરાન જેવો છે. એક વેપારી એવા વેરાન ભાગમાંથી જતો હતો.

રસ્તે એક ઝુંપડી આવી. ખેડૂતની ઝૂંપડી હતી. વેપારીએ તેને ત્યાં મુકામ કીધો.

બીજે દહાડે સવારે તો વેપારી ચાલી નીકળ્યો. ઘણે દૂર ગયા પછી જુએ છે તો એની સો રૂપિયાની થેલી ગુમ!

પાછો જઇને શું કરે ? રસ્તે પડી હોય તોયે કોઇએ લઇ લીધી હોય; ને ચોરાઇ હોય તો તો પાછી મળે જ ક્યાંથી ?

બીજી બાજુ ખેડૂતનો દીકરો રસ્તામાં રમતો હતો. બાજુના ખાડામાં એણે થેલી પડેલી જોઇ. જઇને બાપાને વાત કરી. બાપે કહ્યું: જા, એની ઉપર ઘાસની પૂળીઓ ઢાંકી મૂક. જ્યારે માલિક આવશે ત્યારે પાછી લઇ જશે.

ચાર છ મહિને વેપારી એ બાજુથી પાછો જતો હતો. ખેડૂતને ત્યાં મુકામ કર્યો. ખેડૂતે ઓળખ્યો નહિ.

વાતમાં વાત નીકળતાં વેપારીએ કહ્યું: છ મહિના પર મારી થેલી અહીં ખોવાયલી.

ખેડૂતે કહ્યું: ઓહોહો ! એ થેલી તમારી કે ? મારા દીકરાએ જોઇ'તી. મેં એને ઢાંકી રાખવા કહ્યું હતું. બનતાં સુધી પડી રહી હશે.

બંને ઊઠીને તે બાજુ ગયા. જુએ છે તો થેલી જેમ ને તેમ અકબંધ પડી હતી. વેપારીના

આનંદનો પાર ન રહ્યો.

૧૪

એ કેવો માળી

એ બાગનો માળી હતો. બાગમાંની ઝુંપડીમાં એ રહે. એના શેઠને ત્યાં પૈસાની રેલમછેલ.

ચૈતર મહિનો બેઠો હતો. બાગના આંબામાં કેરીઓ લૂમઝૂમતી હતી. જે જુએ તેના મોંમાં પાણી જ છૂટે. માળીભાઈ બાગમાંથી થોડોક કચરો સાફ કરતા હતા.

ત્યાં તો શેઠજી આવી લાગ્યા. સાથે બે ચાર ભાઇબંધ પણ ખરા. માળી દોડતો ઝુંપડીએ ગયો. ખાટલો લાવ્યો. ઢાળીને શેઠને બેસાડયા. ભાઇબંધો પણ બેઠા.

સૌ મળી વાતો કરે. માળી પાછો કામે વળગ્યો. એવામાં શેઠે બૂમ પાડીઃ ઇબ્રાહીમ ! ઇબ્રાહીમ !

માળીનું નામ ઇબ્રાહીમ હતું. ઇબ્રાહીમ દોડતો આવ્યો.

શો હુકમ છે, શેઠ ?

કેરીઓ પાકી ગઇ છે કે ?

જી, થોડા આંબા તૈયાર થઇ ગયા છે.

લાવ ત્યારે. ખાઇએ.

માળીભાઇ ગયા. એક આંબા પરથી દશબાર કેરી પાડી લાવ્યા.

કેરી બધી ખાટી નીકળી.

શેઠ કહે: અલ્યા ઇબ્રાહીમ, આ શું ? આ તો દાંત ખટાઇ ગયા. આવી કેરી કેમ આણી ? જા, કોઇ મીઠો આંબો પાડ ને સરસ કેરી લાવ.

માળી બિચારો વિચારમાં પડી ગયો. તે ન હાલે કે ચાલે. શેઠ કહે: કેમ અલ્યા, ઊભો કેમ ? સારામાં સારા આંબા પરથી કેરી પાડી લાવ.

પણ સાહેબ, કયા આંબાની કેરી લાવું ?

સારામાં સારા આંબાની.

સાહેબ, તમે કહો કે ફલાણા આંબાની લાવ. મને શી રીતે ખબર પડે કે કયો આંબો સારો છે ?

શેઠ જરા ગુસ્સે થઇ બોલ્યા: તું તે માળી છે કે કોણ છે ? આટલા દિવસથી બાગમાં રહે છે,

ને કયો આંબો મીઠ્ઠો છે તેનું ભાન નથી ?

માળી કહે: સાહેબ, હું કયાંથી જાણું ? મારૂં કામ તો ફળઝાડની રખેવાળી કરવાનું. કેરી ખાઇ જોયા શિવાય કયો આંબો ખાટો ને કયો મીઠો તે કેમ જણાય ?

શેઠ અજાયબી પામ્યા: શું બોલે છે ? તેં કદી એક પણ ઝાડનું ફળ હજુ ચાખી નથી જોયું ?

ઇબ્રાહીમ કહે: ના, સાહેબ !

શેઠને નવાઇ તો લાગી. પણ તેના હરખનો ય પાર રહ્યો નહિ. ભાઇબંધને કહે: સેંકડો નોકર આવ્યા ને ગયા. પણ આવો કોઇ ન જોયો !

એ માળી તે ઇબ્રાહીમ આદમ. એની પવિત્રતા વડે એ મુસલ્માનોમાં સંત ગણાયો. આજે પણ સૌ મુસલ્માનો એને યાદ કરે છે ને પૂજ્ય માને છે.

મેળવવું હોય જો વિત્ત
ખાઓ પ્રેમે ખૂબ નવનીત

દરેક વાંચનાલયમાં હોવાંજ જોઇએ

ગાંડીવ

બાળ પખવાડિક

એનો પહેલો અંક જોઇ સ્વ. **શ્રી ગિજુભાઈ** આપોઆપ બોલી પડેલા: (૧–૮–૩૪) આ તો સૌ કરતાં ચઢિયાતું છે. સૌ બાળપત્રોને એ જોઇ સુધરવું પડશે

શ્રી ઇન્દુલાલ સેવકલાલ દવે: (મેડીકલ ઑફિસર, વડોદરા) લખે છે: " ગાંડીવ પાક્ષિક ઘણું જ લોકપ્રિય થવા ઉપરાંત જેને માટે તે પ્રસિદ્ધ થાય છે, તે લોકોમાં–બાળકોમાં પ્રિય થયું છે......છોકરાં રાહ જોયા કરે છે...વાંચવા માટે હરિફાઇ ચાલે છે."

વાર્ષિક લવાજમ રૂા. પાંચ પરદેશ શિલિંગ ૧૨

o

વીર નર્મદનું પુરાણું સાપ્તાહિક

દાંડીઓ

નાગરિક દૃષ્ટિથી સુરતના અને ગુજરાતના વિષયોને છણતું, રસાળ બાનીમાં લખાતું, આ પત્ર ઘણું લોકપ્રિય થઇ પડયું છે. નમૂનો મફત મોકલવામાં આવે છે. વાર્ષિક લવાજમ ટ. ખ. સાથે રૂા. ૩ાા

ગાંડીવ સાહિત્ય મંદિર :: સુરત